# BUSINESS મિત્ર

# ગ્લોબલ ટેન્શન ઘટ્યું, હવે કવાર્ટરલી પરિણામોની મોસમ

**જેની** પાછળ શેરબજારમાં વધઘટ જોવા મળશે

**કમાણીની** મોસમ શરૂ થતાં 'સ્ટોક સ્પેસિફિક' ધમાકો થશે

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 4: ભારતીય શેરબજારમાં સપ્તાહ દરમ્યાન વૈશ્વિક અનિશ્ચિતતા ઘટતા સુધારો જોવાયો હતો. જોકે, આ સપ્તાહમાં પણ સ્ટોક સ્પેશિફિક તેજી જોવા મળી હતી. બીજી તરફ, યુએસ લેબર માર્કેટ નબળું પડ્યું હતું. જેથી ફેડરલ રિઝર્વના દરમાં ઘટાડાની અપેક્ષાને મજબૂત બનાવે છે. જેનાથી શેરબજારને બુસ્ટ મળશે. યુરોપ, યુરોઝોન ફુગાવો હળવો થયો, જ્યારે યુરોપિયન કમિશને ડયુટી ફ્રી સ્ટીલ આયાત કવોટામાં ઘટાડો કર્યો.

આગામી સપ્તાહમાં ભારતીય શેરબજારમાં દિગ્ગજ આઈટી કંપની ટીસીએસના પરિણામો જાહેર થનારા છે, જેથી આગામી સપ્તાહમાં કવાર્ટરલી પરિણામોની મોસમ શરૂ થશે, જેની પાછળ સ્ટોક અને સેકટરમાં વધઘટ જોવા મળશે. આમ, વૈશ્વિક અનિશ્ચિતતાના વાદળો ઘેરાયેલા નહીં રહે તો શેરબજારમાં વધુ એક સપ્તાહ સ્ટોક સ્પેશિફિક રહે તેવું અનુમાન કરાઈ રહ્યું છે.

જોકે, વૈશ્વિક સ્તરે ગત સપ્તાહના અંતમાં અમેરિકા-ઈરાની હુમલાઓએ પુરવઠાની ચિંતાઓને ફરીથી જીવંત કરી હતી, જેથી યુદ્ધ વિરામ હજુય નાજુક સ્થિતિમાં છે. જોકે, યુએશ લેબર ડેટા નબળા આવતા ફેડરેટ વધવાની શક્યતા નહીંવત થઈ જતાં શેરબજારના માટે લાભદાયક બની શકે છે. જોકે, વૈશ્વિક સ્તરે શાંતિનો માહોલ રહેશે તો જ બજારને લાભદાયી બની રહેશે, તેવું નિષ્ણાતોનું માનવું છે.

વિતેલા સપ્તાહ દરમ્યાન સેન્સેક્સ 663.44 પોઈન્ટ એટલે કે 0.86 ટકા વધીને 77763.91 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે નિફ્ટી 215.50 પોઈન્ટ એટલે કે 0.90 ટકા વધીને 24271.10 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 1.18 ટકા અને બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સ 1.12 ટકા વધ્યા હતા.

મેક્રો ઈકોનોમીની દ્રષ્ટિએ આઈઆઈપીમાં સુધારો જોવાયો હતો, જ્યારે સર્વિસીસ સેકટરના પીએમઆઈ થોડાક નબળા રહ્યા હતા. જેની સાથે મેન્યુફેકચરીંગ પીએમઆઈ ડેટા પણ સહેજ ઓછા આવ્યા છે. જોકે, જેની અર્થતંત્ર પર મોટી અસર પડશે નહીં. જીએસટી કલેકશાન વાર્ષિક ધોરણે 13.9 ટકા વધીને 1.94 લાખ કરોડની ઉપર નીકળી ગયં છે, જે 13 મહિનામાં સૌથી ઝડપી વાર્ષિક વૃદ્ધિ છે. જે ભારતીય અર્થતંત્ર મજબૂત હોવાના સંકેત આપી રહ્યા છે.

બ્રોડર માર્કેટમાં પસંદગીના મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં તેજીનો માહોલ આગળ વધી રહ્યો છે, જે પૈકી આ કંપનીઓના આવનારા સમયમાં કવાર્ટરલી પરિણામો સુંદર આવશે તો વધુ મજબૂત થવાની પુરેપુરી શકયતા છે. હાલમાં લાર્જકેપ કરતા મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેકસ વધુ સારૂં પ્રદર્શન કરી રહ્યું છે.

# દેશના રિયલ એસ્ટેટ સેક્ટરના રોકાણમાં 70 ટકાનો વધારો

**કોમર્શિયલ** મિલકતોના રોકાણમાં આકર્ષણ વધ્યું

મુંબઈ, તા. 4 : ભારતનું રિયલ એસ્ટેટ ક્ષેત્ર હાલમાં રોકેટ ગતિએ દોડી રહ્યું છે. એપ્રિલ-જૂન 2026ના ક્વાર્ટર દરમિયાન આ સેક્ટરે વાર્ષિક ધોરણે 70% ના જંગી ઉછાળા સાથે $2.9 બિલિયન (આશરે ₹25,000 કરોડ) નું રેકોર્ડબ્રેક સંસ્થાકીય રોકાણ મેળવ્યું છે. પ્રોપર્ટી કન્સલ્ટન્સી કોલિયર્સના રિપોર્ટ અનુસાર, વર્ષ 2026ના પ્રથમ છ મહિનામાં કુલ રોકાણ $4.5 બિલિયન પર પહોંચી ગયું છે, જે છેલ્લા 6 વર્ષનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે.

પશ્ચિમ એશિયામાં ભૌગોલિક-રાજકીય તણાવ હોવા છતાં, ગ્લોબલ ઇન્વેસ્ટર્સનો ભારત પરનો ભરોસો ડગ્યો નથી. કુલ રોકાણમાં વિદેશી રોકાણકારોનો હિસ્સો 54% ($1.54 બિલિયન) અને સ્થાનિક રોકાણકારોનો હિસ્સો 46% રહ્યો છે.

**ઓફિસ અને ડેટા સેન્ટર્સ સુપરહિટ:** રોકાણકારોએ સૌથી વધુ પસંદગી વ્યાપારી પ્રોજેક્ટ્સ પર ઉતારી છે. પ્રથમ છ મહિનામાં ઓફિસ સેગમેન્ટમાં $1.9 બિલિયન (40% થી વધુ) નું રોકાણ આવ્યું છે. જોકે, આ ગાળામાં રેસિડેન્શિયલ રિયલ એસ્ટેટમાં રોકાણ 43% ઘટ્યું છે.

**ચેન્નઈ-બેંગલુરુનો દબદબો:** દેશમાં રોકાણ ખેંચવામાં દક્ષિણ ભારતના આ બે પ્રમુખ શહેરો મોખરે રહ્યા છે, જેમણે સંયુક્ત રીતે કુલ રોકાણના 27% એટલે કે $1.2 બિલિયન આકર્ષિત કર્યા છે.

મજબૂત આર્થિક ગ્રોથ અને ડિજિટલાઇઝેશનને કારણે આગામી સમયમાં કોમર્શિયલ પ્રોપર્ટીઝમાં તેજીનો આ સિલસિલો હજુ વધુ મજબૂત બને તેવા સ્પષ્ટ સંકેતો છે.

# ખોટી મેળવેલ ITC તરત જ રિવર્સ કરી છતાં કલમ 74 હેઠળ માંગણું ઊભું કરતો આદેશ ગેરકાયદેસર છે

## નામદાર ઓરિસ્સા હાઈકોર્ટનો અગત્યનો ચૂકાદો

**કાયદાની કેડીએ...**
ઈશ્વર રૂદલાલ

ખોટી ITC મેલવેલ હોવાની અધિકારીએ જાણ કરતા તે ITC તુરત જ રિવર્સ કરી હોવા છતાં કલમ 74 હેઠળ આદેશ કરીને વેરા, વ્યાજ અને દંડનું માંગણું ઊભુ કરતો આદેશ ગેરકાયદેસર હોવાનો ચૂકાદો તાજેતરમાં નામદાર ઓરિસ્સા હાઈકોર્ટે આપ્યો છે. ખેર' નામદાર હાઈકોર્ટના મનોજકુમાર નાયક વિ. કમિશ્નર ગુડઝ એન્ડ સર્વિસ ટેક્ષ ટી.પી. (સી)નં. 12682/2025ના તા. 8/4/26 ના ચૂકાદા તરફ એક નજર નાંખીએ તો.

**હકીકત...**

વેપારી GST કાયદા હેઠળ નોંધાયેલ છે અને ટ્રાન્સપોર્ટેશન અને વર્કસ કોન્ટ્રાકટના વ્યવસાય સાથે સંકળાયેલ છે. ખાતાના સુપ્રિન્ટેન્ડટ દ્વારા DGGIની તા. 19-3-24ની એલર્ટનોટને આધારે તા. 12-7-24ના પત્રથી વેપારીને જાણ કરવામાં આવી કે તેઓએ કલકતાના એક વેપારી પાસેથી માંગેલ ITC બોગસ હતી. તો વેપારીએ આ નોટિસ મળતા જ તેમના દ્વારા ભરવામાં આવેલ ત્યાર પછીના રિટર્નોમાં આ ITC રિવર્સ કરી દેવામાં આવી. આમ છતાં આ અધિકારી દ્વારા કલમ 74 હેઠળનો તા. 3-2-2025નો આદેશ પસાર કરીને ખોટી માંગેલ ITC તેના વ્યાજ અને દંડનું માંગણુ ઊભું કરતો આદેશ પસાર કરવામાં આવતા વેપારી તરફથી સદરહુ આદેશને નામદાર ઓરિસ્સા હાઈકોર્ટ સમક્ષ પડકારવામાં આવ્યો.

**દલીલ...**

વેપારીના વિધ્વાન એડવોકેટ તરફથી રજૂઆત કરવામાં આવી કે વેપારી દ્વારા છેતરપિંડી કરીને, ખોટી રજૂઆત કરીને કે હક્કીત છૂપાવીને કરચોરી કરવામાં આવી હોવા બાબતે કલમ 74ની સત્તાનો ખોટો ઉપયોગ અધિકારી કરી શકે નહીં અધિકારીએ સ્વતંત્ર વિચાર કર્યા વગર, ફકત DGGIની એલર્ટ નોટિસ પર આધાર રાખીને કલમ 74નો ખોટો ઉપયોગ કર્યો છે. આ કેસમાં કલમ 74 હેઠળ નોટિસ બજાવવામાં આવી તે પહેલાં મેળવેલ ITC વેપારીએ રીવર્સ કરી દીધી છે અને તેથી કલમ 74 હેઠળની નોટીસ અને ઓર્ડર ગેરકાયદેસર છે.

**ચૂકાદો...**

નામદાર હાઈકોર્ટે ચૂકાદો આપતા જણાવ્યું કે આ કેસમાં સપ્લાયર અસ્તિત્વમાં ન હોવાનું DGGI દ્વારા જાણ કરવામાં આવતા અધિકારી એવા નિષ્કર્ષ પર આવ્યા કે વેપારીએ બોગસ બિલોના આધારે ITC મેળવેલ હતી. અધિકારી પોતાની સ્વતંત્ર વિચારણા કર્યા વગર, ફકત DGGIની નોંધને આધારે કલમ 74નો ઉપયોગ કરી શકે નહીં અને તેથી કલમ 74નો આદેશ ગેરકાયદેસર છે.

ના.હાઈકોર્ટે નામદાર સુપ્રિમકોર્ટે નામદાર સુપ્રિમકોર્ટના ચૂકાદાઓનો આદાર લીધો કે જેમાં ઠરાવવામાં આવ્યું હતું કે ફકત વેરો ચૂકવવામાં ન આવ્યો તેટલા જ કારણસર કલમ 74 હેઠળ કાર્યવાહી ન થઈ શકે.

ના.હાઈકોર્ટે સેન્ટ્રલ વોર્ડનો તા. 17-7-23નો સરકયુલર ધ્યાને લીધો, જેમાં સ્પષ્ટતા કરવામાં આવી હતી કે ઈલેકટ્રોનીક ક્રેડિટ લેજરમાં, ખોટી લીધેલ ITC કરતાં વધુ બેલન્સ હાજર હોય તો, કલમ 50 હેઠળ વ્યાજ લાગી શકે નહીં.

આ કેસમાં કારણદર્શક નોટિસ બજાવવામાં આવી તે પહેલાં વેપારીએ ખોટી ITC રિવર્સ કરી દીધી છે અને તેથી કલમ 74 હેઠળનો ઓર્ડર ગેરકાયદેસર છે તો તા. 17-7-23ના સરકયુલરને આધારે કોઈ વ્યાજ લાગી શકે નહીં તો કોઈ વેરાનું ભારણ જ ઊભું થતું નથી અને તેથી દંડ પણ લાદી શકાય નહીં એમ જણાવી, સુપ્રિન્ટેન્ડટે પસાર કરેલો તા. 3-2-25નો ઓર્ડર કાયદામાં ટકી શકે નહીં એમ જણાવી દૂર કરી, લાદવામાં આવેલો વેરો, વ્યાજ અને દંડ ના.હાઈકોર્ટે રદ કરેલ છે.

# TCSના રિઝલ્ટ પર આખા માર્કેટની નજર

**નબળી** માંગ અને ગ્લોબલ પડકારો વચ્ચે દેશની સૌથી મોટી IT કંપનીના પરિણામો નક્કી કરશે બજારની દિશા

**પ્રોફિટ** રૂ.૧૪,૨૦૦ કરોડ સુધી પહોંચવાનો અંદાજ

મુંબઈ, તા. 4: નાણાકીય વર્ષ 2027ના પ્રથમ કવાર્ટર માટે કમાણીની મોસમ આવતા સપ્તાહે શરૂ થશે. દેશની સૌથી મોટી આઈટી સર્વિસ કંપની ટીસીએસ નાણાકીય વર્ષ 2027ના પ્રથમ કવાર્ટરના પરિણામો 9મી જુલાઈએ જાહેર કરશે.

એઆઈના હાઉંના પગલે આઈટી શેરો દબિણ હેઠળ છે, ત્યારે આ પ્રથમ કવાર્ટરના પરિણામો ઉપર બજારની નજર રહેશે. હાલમાં ટીસીએસના શેરની કિંમત રૂ. 2088ના સ્તર પર કારોબાર કરી રહ્યા છે અને તેની કિંમત સ્થિર છે.

દરેક ક્વાર્ટરની જેમ આ વખતે પણ ટીસીએસના પરિણામો સમગ્ર આઈટી સેક્ટરની નિર્ણાયક દિશા માનવામાં આવે છે. આનું કારણ એ છે કે ટીસીએસ પહેલા પરિણામો જાહેર કરે છે અને તે પછી રોકાણકારોને અન્ય મોટી આઈટી કંપનીઓનું પ્રદર્શન કેવું હોઈ શકે છે તેનો ખ્યાલ આવે છે. વૈશ્વિક અર્થતંત્રમાં અનિશ્ચિતતા, યુએસ અને યુરોપમાં કોર્પોરેટ આઈટી ખર્ચમાં મંદી અને ગ્રાહકો દ્વારા મોટા પ્રોજેક્ટ્સ મુલતવી રાખવા જેવા પડકારો વચ્ચે, ટીસીએસનું પ્રદર્શન રોકાણકારો માટે નિર્ણાયક રહેશે. પરંતુ ટીસીએસના પરિણામો બતાવશે કે મુશ્કેલ સમયમાં આઈટી કંપનીઓ પર તેની અસર કેવી રહી છે.વિશ્લેષકોનું માનવું છે કે ટીસીએસનો પ્રથમ ક્વાર્ટર ખુબ નબળો નહીં હોય અને કમાણીમાં ખૂબ મોટી વૃદ્ધિ નહીં હોય.

માર્ચ ક્વાર્ટરની તુલનામાં કંપનીની આવક લગભગ સ્થિર રહેવાની અથવા નજીવો વધારો નોંધાવવાની અપેક્ષા છે. ચોખ્ખો નફો 13700 કરોડ રૂપિયાથી 14200 કરોડ રૂપિયાની વચ્ચે રહેવાનો અંદાજ છે. ઓપરેટિંગ માર્જિન 24થી 25 ટકાની આસપાસ રહેવાની ધારણા છે.

જો વાર્ષિક ધોરણે સરખામણી કરવામાં આવે તો કંપનીની આવક અને નફો બંનેમાં વધારો જોવા મળી શકે છે. આનું કારણ એ છે કે છેલ્લા એક વર્ષમાં ટીસીએસએ ઘણા મોટા ડિજિટલ ટ્રાન્સફોર્મેશન અને એઆઇ પ્રોજેક્ટ્સ હાંસલ કર્યા છે, જેની અસર ધીમે ધીમે આવકમાં દેખાવા લાગી શકે છે.

જો કે, ત્રિમાસિક ધોરણે વૃદ્ધિ મર્યાદિત રહેવાની સંભાવના વધુ છે કારણ કે એપ્રિલ-જૂનના સમયગાળામાં આઈટી ઉદ્યોગની માંગ નબળી રહી હતી.

# અદાણી સામે કેસ થવો જ જોઈતો ન હતો: અમેરિકી ન્યાય વિભાગ

**તમામ** આરોપો કાયમી રીતે પડતા મૂકવા જજને વિનંતી

ન્યૂયોર્ક, તા. ૪(પીટીઆઈ): યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ(DOJ)એ ભારતીય અબજોપતિ ગૌતમ અદાણી અને અન્ય સાત લોકો સામેનો ફોજદારી કેસ પડતો મૂકવાના પોતાના નિર્ણયનો જોરદાર બચાવ કર્યો છે. વિભાગે ફેડરલ જજને જણાવ્યું હતું કે આ કાયદાકીય કાર્યવાહી કાનૂની રીતે ખામીયુક્ત, રાજદ્વારી રીતે પ્રતિકૂળ અને ટ્રમ્પ વહીવટીતંત્રની અમલીકરણ પ્રાથમિકતાઓ સાથે અસંગત હતી.

એક કડક શબ્દોવાળી ૧૦ પાનાની ફાઈલિંગમાં, DOJ એ જણાવ્યું હતું કે આ કેસ એક વર્ષ પહેલાં જ પડતો મૂકી દેવો જોઈતો હતો -- અથવા ક્યારેય શરૂ જ કરવો જોઈતો ન હતો. વિભાગે દલીલ કરી હતી કે આરોપોને કાયમી ધોરણે રદ કરવાના તેના નિર્ણયની સમીક્ષા કરવામાં કોર્ટની ભૂમિકા મર્યાદિત છે. આ ફાઈલિંગ યુએસ ડિસ્ટ્રિક્ટ જજ નિકોલસ ગેરાફિસ દ્વારા વિભાગને તે સમજાવવા માટે કહ્યા બાદ આવી છે કે તે શા માટે આ વિપત્રને કાયમી ધોરણે રદ કરવા માંગે છે. જજે તેના અગાઉના પ્રસ્તાવને ટૂંકો, નીરસ અને અસ્પષ્ટ ગણાવ્યો હતો.

બાઈડેન વહીવટીતંત્ર હેઠળ ૨૦૨૪ માં DOJએ અદાણી અને અન્ય લોકો સામે કથિત રીતે ભારતીય સરકારી અધિકારીઓને ૨૫૦ મિલિયન યુએસ ડોલરની લાંચ આપવાની યોજનામાં સામેલ હોવા અને અન્ય સંસ્થાઓ પાસેથી અબજો ડોલરનું રોકાણ મેળવવા માટે રોકાણકારો સાથે જૂઠું બોલવાના આરોપસર કેસ દાખલ કર્યો હતો -- જે કથિત યોજના દરમિયાન અદાણી ગ્રીન એનર્જી લિમિટેડે યુએસ રોકાણકારો પાસેથી ઓછામાં ઓછા ૧૭૫ મિલિયન યુએસ ડોલર એકત્ર કર્યા હતા.

# ડુંગળીમાં સરકારે ખરીદી ભાવમાં 13 ટકાનો વધારો કર્યો

**પાકિસ્તાન** અને ચીનની નિકાસ વધવાથી ભારતમાંથી ડુંગળીની નિકાસની માગને અસર પડશે

નવી દિલ્હી, તા. 4: ભારત સરકારે ડુંગળીના ભાવમાં વધારો કરવાનો સરકારે નિર્ણય લીધો છે. સરકારે બફર સ્ટોક માટે ડુગંળીની ખરીદી 13 ટકા વધારીને રૂ. 2125 પ્રતિ ક્વિન્ટલ કરી દીધી છે. જે અગાઉ રૂ. 1875ની પ્રતિ ક્વિન્ટલ હતી. એટલે કે રૂ. 250નો પ્રતિ ક્વિન્ટલ વધારો કરવાં આવ્યો છે.

સરકારે આ સિઝનમાં પાંચમી વખત ખરીદીના ભાવમાં વધારો કર્યો છે. શરૂઆતમાં ખરીદી રૂ. 12.70 પ્રતિ કિલો હતી, જે હવે વધારીને રૂ. 21.25 પ્રતિ કિલો કરી છે. આમ છતા, બફર સ્ટોક માટે અત્યાર સુધીમાં માત્ર 2000 ટન ડુંગળીની ખરીદી કરવામાં આવતી હતી.

આ નિર્ણયથી મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ગુજરાતના ખેડૂતોને લાભ થશે, તેમને આશા છે કે તેમના પાક માટે વધુ સારી કિંમત મળશે. તે જ સમયે સરકારી ખરાદીમાં વધારો કરવાથી બજારમાં કિંમત સંતુલિત રાખવામાં પણ મદદ મળી રહેશે.

સરકારના જણાવ્યા અનુસાર 2025-26માં દેશનું ડુંગળીનૂ ઉત્પાદન 207.37 લાખ ટન રહેવાનો અંદાજ છે, જે ગત વર્ષની તુલનામાં લગભગ બરાબર છે. જુનમાં લગભગ 1.50 લાખ ટન ડુંગળીની નિકાસ કરવામાં આવી હતી, પંરતુ આગામી દિવસોમાં પાકિસ્તાન અ ચીનથી સસ્તા સપ્લાયને કારણે નિકાસની માગ નબળી પડી શકે છે.

# ભારત-પેરુ એફટીએ ટૂંક સમયમાં થવાની કોઈ શક્યતા નથી: ગોયલ

નવી દિલ્હી, તા. 4 (PTI) વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે શનિવારે જણાવ્યું હતું કે, પ્રસ્તાવિત ભારત-પેરુ મુક્ત વ્યાપાર કરાર (એફટીએ) માટેની વાટાઘાટો ટૂંક સમયમાં પૂર્ણ થવાની સંભાવના નથી. કારણ કે, અમુક ઉત્પાદનોમાં બજાર પ્રવેશ અંગેની ચિંતાઓ છે. અહીં 17મા ટોય બિઝ ઈન્ટરનેશનલ બી2બી પ્રદર્શન દરમિયાન ગોયલે પત્રકારોને જણાવ્યું હતું કે, "કેટલીક ચિંતાઓ છે. એવા ઘણા ઉત્પાદનો છે જ્યાં આપણે તેમને માર્કેટ એક્સેસ આપી શકીએ તેમ નથી. મને નથી લાગતું કે પેરુ એફટીએ ટૂંક સમયમાં થશે."

# ભારતનું કરિયાણા બજાર $992 બિલિયનને આંબશે

**ઓનલાઈન** ટ્રેન્ડ વચ્ચે પણ 'સ્થાનિક દુકાનો' સુપરહિટ!

**91** ટકા ખરીદી હજુ સ્ટોર્સ પરથી થાય છે

મુંબઈ, તા. 4: ભારતનું કરિયાણા (ગ્રોસરી) માર્કેટ આગામી વર્ષોમાં રોકેટ ગતિએ વધવા જઈ રહ્યું છે. એક તાજેતરના અહેવાલ મુજબ, હાલનું $658 બિલિયનનું આ બજાર નાણાકીય વર્ષ 2030 સુધીમાં વધીને $992 બિલિયન પર પહોંચી જશે. રસપ્રદ વાત એ છે કે, ડિજિટલ ક્રાંતિ છતાં ભારતમાં આજે પણ 91% ખરીદી ઓફલાઈન સ્ટોર્સ એટલે કે સ્થાનિક કરિયાણાની દુકાનો પરથી જ થાય છે.

રિપોર્ટ અનુસાર, વર્ષ 2030 સુધીમાં 15 કરોડથી વધુ ભારતીય પરિવારો વાર્ષિક $1 ટ્રિલિયનથી વધુનો ખર્ચ કરશે, જેમાં કરિયાણાનો હિસ્સો સૌથી મોટો હશે. હવે આ સેક્ટરમાં અસલી તેજી નાના શહેરો (ટાયર-2 અને ટાયર-3) માંથી આવશે. જોકે, ત્યાં સફળ થવા માટે કંપનીઓએ સ્થાનિક પસંદગી, નાના પેકિંગ અને પોસાય તેવી કિંમતો પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે.

હાલમાં 'વેલ્યૂ ગ્રોસરી' મોડલ ખૂબ ઝડપથી લોકપ્રિય થઈ રહ્યું છે. આ મોડલ પ્રાદેશિક ઉત્પાદનો અને ઓછા ડિલિવરી ચાર્જ પર કામ કરે છે, જે દેશના આગામી 10 કરોડ નવા ઓનલાઈન ગ્રાહકોને ડિજિટલ માર્કેટ સાથે જોડવામાં ગેમ-ચેન્જર સાબિત થશે.

# રિલાયન્સ કેપિટલના પૂર્વ સીએફઓ અમિત બાપનાની ધરપકડ

નવી દિલ્હી, તા. 4: સીબીઆઈએ મની લોન્ડરીંગ કેસમાં રિલાયન્સ કેપિટલના પુર્વ સીએફઓ અમિત બાપનાની ધરપકડ કરી છે. અનિલ અંબાણી સાથે જોડાયેલા રિલાયન્સ એડીએ ગ્રુપ સાથે સંકળાયેલા કેસોની ચાલી રહેલી તપાસના સંબંધમાં આ ધરપકડ કરવામાં આવી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર આ ધરપકડ રિલાયન્સ એડીએ જુથ વિરૂદ્ધ ચાલી રહેલી તપાસનો એક ભાગ છે. અમિત બાપના રિલાયન્સ કેપિટલના સીએફઓ તરીકે કામ કરતા હતા. રિલાયન્સ એડીએ ગ્રુપના જોડાયેલા વિવિધ કેસોની સંપુર્ણ તપાસમાં તેમની ધરપકડ એક મહત્વપુર્ણ પગલું છે.

# સૌથી મોટા ઉર્જા સંકટમાંથી ભારત સફળતાપૂર્વક બહાર આવ્યું છે: મોદી

**ઘણા** શક્તિશાળી દેશોએ પણ બળતણની અછતનો સામનો કરવો પડ્યો પરંતુ ભારતમાં તેવું થયું નથી

**વડાપ્રધાને** રાજસ્થાનમાં રિફાઇનરી સંકુલ રાષ્ટ્રને અર્પણ કર્યું: કોંગ્રેસ સહિતના વિપક્ષો પર આકરા પ્રહારો

**અફવાઓ** ફેલાવનારા આજે નિરાશાના ઊંડાણમાં છે

પાચપદ્રા(રાજસ્થાન), ૪(પીટીઆઈ): ભારતે સક્રિય નીતિઓ, વૈવિધ્યસભર બળતણ સ્ત્રોતો અને મજબૂત રાજદ્વારી સંબંધો દ્વારા નાગરિકો પર ન્યૂનતમ બોજ સાથે આ સદીના સૌથી મોટા વૈશ્વિક ઉર્જા સંકટોમાંથી એકનો સફળતાપૂર્વક સામનો કર્યો છે, જ્યારે અન્ય મોટા દેશોએ આ માટે સંઘર્ષ કરવો પડ્યો હતો, તેમ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે જણાવ્યું હતું. કેટલાક તત્વો જનતામાં ભય ફેલાવવામાં વ્યસ્ત હતા અને રાજકીય રમતો રમાઈ હતી, પરંતુ તેઓ આજે નિરાશાના ઊંડાણમાં ડૂબેલા હશે, એમ મોદીએ એક જાહેર સભામાં જણાવ્યું હતું. તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે દેશનું આ પરિસ્થિતિનું સંચાલન ઈતિહાસમાં એક અભૂતપૂર્વ પ્રકરણ તરીકે યાદ રાખવામાં આવશે. તેમણે કહ્યું કે, પશ્ચિમ એશિયાના યુદ્ધે ૨૧મી સદીનું સૌથી મોટું ઉર્જા સંકટ ઊભું કર્યું હતું. ઘણા શક્તિશાળી દેશોએ બળતણની અછતનો સામનો કરવો પડ્યો હતો. ભારતે આ પડકાર પર વિજય મેળવ્યો કારણ કે તેણે યોગ્ય સમયે યોગ્ય નિર્ણયો લીધા, પરિસ્થિતિનું સાચું મૂલ્યાંકન કર્યું, પોતાના સંસાધનોનો સંતુલિત રીતે ઉપયોગ કર્યો અને પોતાની રાજદ્વારી તાકાતનો સકારાત્મક ઉપયોગ કર્યો. વડાપ્રધાન મોદીએ, જેમણે રાજસ્થાનના બાલોતરા વિસ્તારમાં દેશના પ્રથમ ગ્રીનફિલ્ડ ઈન્ટિગ્રેટેડ રિફાઈનરી-કમ-પેટ્રોકેમિકલ કોમ્પ્લેક્સને રાષ્ટ્રને સમર્પિત કર્યું હતું, તેમણે છેલ્લા બે મહિનાથી આ પ્રોજેક્ટને રિપેર કરવા માટે અથાક મહેનત કરવા બદલ સત્તાવાળાઓની પ્રશંસા કરી હતી. આ પ્રોજેક્ટમાં ૨૦ એપ્રિલે ભીષણ આગ લાગી હતી, જેના કારણે બીજા જ દિવસે વડાપ્રધાન દ્વારા થનારી તેની નિર્ધારિત ઉદ્ઘાટન વિધિ મોકૂફ રાખવી પડી હતી.

વડાપ્રધાને જણાવ્યું હતું કે ભારતે તેની રિફાઈનિંગ ક્ષમતામાં નોંધપાત્ર વધારો કર્યો છે જ્યારે કેટલાક વિકસિત પ્રદેશો તેમ કરવામાં નિષ્ફળ રહ્યા છે.

તેમણે જણાવ્યું હતું કે વૈશ્વિક સ્તરે વધતા ભાવોને કારણે એપ્રિલ અને જૂનની વચ્ચે તેલ કંપનીઓને રૂ. ૭૫,૦૦૦ કરોડથી વધુનું નુકસાન થયું હતું, પરંતુ સરકારે આ બોજ પોતે ઉપાડ્યો હતો. કોંગ્રેસ અને અન્ય વિરોધ પક્ષો પર આકરા પ્રહારો કરતા તેમણે કહ્યું કે, અફવાઓ ફેલાવવામાં આવી, લોકોને ડરાવવામાં આવ્યા અને રાજકીય રમતો રમાઈ, પરંતુ ખોટા ઈરાદા ધરાવનારાઓ સફળ ન થયા.

# નબળા ચોમાસાથી રસોડાનું બજેટ ખોરવાશે

**ચાલુ** વર્ષે મોંઘવારી દર છ ટકાના દરે રહેવાની સંભાવના

નવી દિલ્હી, તા. 4: કેરેજ રેટિંગ્સના એક રિપોર્ટ અનુસાર, નબળા ચોમાસાને કારણે ચાલુ નાણાકીય વર્ષમાં ખાદ્ય ફુગાવો 6 ટકાની આસપાસ પહોંચે તેવી સંભાવના છે. તે જ સમયે, છૂટક ફુગાવો લગભગ 5 ટકાની આસપાસ હોવાનો અંદાજ છે. જૂનમાં સામાન્યથી ઓછો વરસાદ અને જુલાઈમાં સરેરાશ કરતા ઓછા વરસાદે કૃષિ ઉત્પાદન અને ખાદ્ય પુરવઠા અંગે ચિંતા ઉભી કરી છે.

આ વર્ષે સામાન્ય માણસની થાળીનું બજેટ વધુ બગડી શકે છે. રેટિંગ એજન્સી કેરેજ રેટિંગ્સના અહેવાલ મુજબ, ચાલુ નાણાકીય વર્ષ 2026-27માં દેશમાં સરેરાશ ખાદ્ય ફુગાવો વધીને 6 ટકાની આસપાસ થઈ શકે છે, જ્યારે છૂટક ફુગાવાનો દર 5 ટકા રહી શકે છે. આ ચિંતાનું મુખ્ય કારણ ચોમાસાની શરૂઆતમાં વરસાદની અછત છે, જેના કારણે કૃષિ અને પાક ઉત્પાદનને અસર થવાની સંભાવના છે.

રિપોર્ટ અનુસાર, 1 થી 30 જૂન વચ્ચે દેશમાં સામાન્ય કરતા 40 ટકા ઓછો વરસાદ થયો છે. આ ભારે અછતને કારણે સરકાર અને સામાન્ય માનવી બંનેની ચિંતા વધી ગઈ છે. મે મહિનામાં ખાદ્ય તેલનો ફુગાવો પહેલાથી જ 9.5 ટકાની ઊંચી સપાટીએ હતો. આવી સ્થિતિમાં, નબળું ચોમાસુ ખાદ્યપદાર્થોના ભાવને વધુ ઉશ્કેરી શકે છે.

# HDFC બેંકનો 'એડવાન્સ અને ડિપોઝિટ બંનેમાં જોરદાર ગ્રોથ

**પ્રથમ** ક્વાર્ટરમાં બેન્કના એડવાન્સીસમાં 15.4 ટકા અને થાપણોમાં 14.7 ટકાનો વધારો થયો

નવી દિલ્હી, તા. 4: દેશની સૌથી મોટી ખાનગી બેન્ક એચડીએફસી બેન્કે નાણાકીય વર્ષ 2026-27ના પ્રથમ કવાર્ટર દરમ્યાન, બેન્કની ગ્રોસ એડવાન્સ અને ડિપોઝીટ બંનેમાં ડબલ ડિજિટમાં વૃદ્ધિ જોવા મળી હતી. 30 જૂન, 2026 સુધીમાં બેન્કની ગ્રોસ એડવાન્સ 15.4 ટકા વધીને 30.61 લાખ કરોડ રૂપિયા થઈ છે, જ્યારે કુલ થાપણો 14.7 ટકા વધીને રૂ. 31.71 લાખ કરોડ રૂપિયા થઈ છે.

એચડીએફસી બેન્કે બહાર પાડેલા તેના બિઝનેસ અપડેટમાં જણાવ્યું હતું કે, 30 જુન, 2025ના રોજ રૂ. 27.82 લાખ કરોડની તુલનામાં 12.4 ટકાની વાર્,ક વૃદ્ધિ દર્શાવે છે. તે જ સમયે, બેન્કની ચાલુ ખાતા અને બચત ખાતાની થાપણો 30 જુન, 2026 સુધઈમાં લગભગ 10.26 લાખ કરોડ રૂપિયા હતી, તે ગત વર્ષે રૂ. 9.37 લાખ કરોડ રૂપિયા કરતા 9.4 ટકા વધુ છે.

એચડીએફસી બેંક હાલમાં ભારતની સૌથી મોટી ખાનગી બેંક છે. તેનું માર્કેટ કેપિટલાઈઝેશન 12.34 લાખ કરોડ રૂપિયાથી વધુ છે.

## યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૩.૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૮ | ૫૦/૩૬ '' | ૧૪૪ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૫૧ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૬ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૪૧ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૪ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૦ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૪૨ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૬ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૪૦ | ૧૦૦ ટેક્ષ | ૧૩૯ | ૬૮ ક્રિમ્પ | ૧૪૪ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૪૨ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૯ | ૮૦/૭૨ રોટો | ૧૪૩ | ૭૫ ક્રિમ્પ | ૧૪૧ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૫૧ | ૮૦ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૦/૭૨ રોટો. | ૧૪૨ | ૧૬૦ ડીસ્કેટ | ૧૫૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૩.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૪૩ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૯ | ૮૦/૧૦૮ '' | ૧૪૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૪૨.૫ |

## આજનું પંચાંગ

**તા. 05/07/2026, રવિવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** નિજ જેઠ
**તિથિ:** વદ: પાંચમ 13:31
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક :** અષાઢ: 14
**યોગ :** આયુષ્માન **કરણ:** ગર
**નક્ષત્ર :** શતભિષા : 15:13
**રાશિ:** કુંભ (ગ.સ.શ.ષ.)
**દિવસ :** મિશ્ર
**સુરતમાં સૂર્યોદય :** 06:03 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:23
**નવકારસી :** 06:51
**પારસી વર્ષ :** 1395 બહમન માસનો 25મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448 મોહરમ માસનો 19મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** ઉદવેગ, ચલ, લાભ,, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદવેગ
**રાત્રિનાં ચોઘડિયાં:** શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ
રાહુકાળ: સંજે : 16:30 થી 18:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** મિત્રો સાથે વિવાદ ટાળવો. સામાજિક કામમાં યશ મળે. જીવનસાથી સંતાનોનાં કામમાં પ્રગતિ થાય.

**વૃષભ (બ,વ,ઉ,):** નવા કામની યોજના બને. ઘર-પરિવારમાં નવા ફેરફારની યોજના બને. સામાજિક પ્રવૃત્તિ થાય.

**મિથુન (ક,છ,ઘ,):** બૌદ્ધિક લોકોને મળવાનું બને. પ્રવાસના કામમાં પ્રગતિ થાય. ધાર્મિક મેળાવડામાં જવાનું બને.

**કર્ક (ડ,હ,):** ખાવા-પીવામાં ધ્યાન રાખવું. જીવન સાથીના આરોગ્યની ચિંતા સતાવે. અચાનક શુભ સમાચાર મળે.

**સિંહ (મ,ટ,):** રોજના કામમાં કંટાળો આવે. મનોરંજન પાર્ટી થાય. ઘરમાં અવરજવરથી અશાંતિ વધશે. ખર્ચા વધે.

**કન્યા (પ,ઠ,ણ,):** વિજાતિય આવેગ સતાવે નોકર-ચાકરથી સાવધાન રહેવું.ઉધાર લેવા દેવાનું ટાળવું. ખર્ચાળ દિવસ.

**તુલા (ર,ત,):** પ્રેમમાં ગેરસમજ થાય.ઇર્ષાળુથી સાવધાન. મિત્રો સાથે મનોરંજન થાય. સંતાનોના કામમાં મદદ મળે.

**વૃશ્ચિક (ન,ય,):** બહારના કામનો બોજ સતાવે. ઘરમાં નવા ફેરફારથી યોજના બને. વડીલોનો સાથ મળે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** સાહસિક અને નિડર બનશો. વાણી પર કાબૂ રાખવો. મહત્ત્વનાં કામમાં મદદ મળે. પ્રવાસ થાય.

**મકર (ખ,જ,):** ખાવા-પીવા-મોજ-શોખ, દલાલી માર્કેટીંગ જેવા કામધંધામાં લાભ થાય. આવક વધશે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** ક્રિએટીવ નવા વિચારોથી બીજાને પ્રભાવિત કરશો. પ્રવાસમાં સાવધાની નવી તક મળે.

**મીન (દ,ચ,ઝ,થ,):** ગુપ્ત ભય સતાવે. સંતાનોની સમસ્યા સતાવે. ધાર્મિક કામમાં મનને શાંતિ મળે. ખર્ચા વધશે.

## કોઈ પણ સાલમાં 05 જુલાઈએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી ધંધામાં નવા ફેરફાર, ટેકનોલોજી અને નવી નીતિ પ્રમાણે કામ કરવું. પડશે. જવાબદારી-દોડધામ વધશે. આરોગ્ય નરમ ગરમ રહે. સમાજમાં સામાન્ય રહે. આર્થિક બાબતે ચડતીપડતી રહે.ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. પ્રેમવિવાહમાં ધીરજ રાખવી. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં સાવધાન રહેવું. લાલચથી બચવું. સંતાનોનાં કેરીયર-અભ્યાસમાં મદદ મળે. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડશે. વિદેશના કામમાં ગતિ આવે. વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણમાં તક મળે. વારસા, જાયદાદ, જમીન વગેરે કામમાં વિઘ્નો આવશે. નવા વેપાર ધંધા વગેરેમાં હરીફોની ચિંતા સતાવશે. આવક વધારવાની યોજનામાં ચડતીપડતી રહે. યાત્રા-પ્રવાસ ધર્મકર્મથી શાંતિ મળે. મે-જૂન ઓગસ્ટ -સપ્ટેમ્બર બુધ શુક્રવાર, 05, 14, 23 તારીખે નવા કામ કરવા લીલા રંગનો ઉપયોગ વધારવો જૂન-જુલાઈ શનિવાર, 7,16,25 તારીખે નવા કામ ટાળવાં, લાલ, કાળો રંગ વાપરવાનું બંધ કરવું. બુધવારના ઉપાય કરતાં રહેવું.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

**ઢીલા ઝાડા**

પાચન બગડ્યું હોય તો મામેજવા ચૂર્ણ એક ચમચી, સૂંઠ અને છાશ સાથે લેવું.

## જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૬૦૦ |
| એમ-30 | ૪૫૫૦ |
| એસ-30 | ૪૫૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૪૫૦ |
| એસ-30 | ૪૩૫૦ |

## તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૯૫૦ | કોપરેલ | ૪૭૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૭૦૦ | વનસ્પતિ ઘી | ૨૬૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૨૦ | સનફલાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૭૭૦ | તલતેલ | ૪૭૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૫૨૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૮૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

## સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૦૫૦૦ |
| તેજાબી સોનું | ૧૫૦૪૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૨૯૭૫ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૪૭૪૯૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૦૫૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૩૯૭૦૦ |
| ચાંદી સિક્કા | ૨૪૧૨૦૦ |